# બંધારણ

| | | | |
|---|---|---|---|
| (૧) | ટ્રસ્ટનું નામ | : | શ્રી અગિયાર ગામ વણકર સમાજ સેવા ટ્રસ્ટ, પ્રાંતિજ જી.સાબરકાંઠા |
| (૨) | ટ્રસ્ટનું સરનામું | : | ડૉ.નટવરલાલ મણિલાલ શાહ ઠે.૨૯, રાજવાટિકા સોસાયટી, શ્યામ આર્કેડ પાછળ, શામળાજી રોડ, મોતીપુરા, હિંમતનગર જી.સાબરકાંઠા |
| (૩) | ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર | : | આ ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર હાલ સાબરકાંઠા જરૂર પડે ગુજરાત રાજય રહેશે. |

(૪) પૂર્વ ભૂમિકા :-

ભારતના બંધારણમાં દરેક નાગરિકને મંડળ સ્થાપવાનો બંધારણીય અધિકાર આપેલ છે. તે હકો અને ફરજો અંગે જાગૃતિ લાવવા આજના સમાજને પરિવર્તનની જરૂરીયાત છે તે માટે સંપ સહકાર બંધુત્વની ભાવના ખીલવીને એકતા લાવવા સારુ સાબરકાંઠા જીલ્લાના બાવનસો પરગણા વણકર સમાજના અગિયાર ગામ (૧) તાજપુર (૨) ઓરાણ (૩) અનવરપુરા (૪) વાઘપુર (૫) સલાલ (૬) સોનાસણ (૭) ફતેપુર (૮) જેનપુર (૯) અમીનપુર (૧૦) રૂપાલ (૧૧) આકોદરા સાથે સંકળાયેલા વણકર પરિવારના સર્વાંગી વિકાસની પ્રવૃતિ માટેનું આ સંગઠન બનાવવા વિચારીને તેના યોગ્ય નિતી નિયોમનું વ્યવહારિક સુંદર બંધારણ ઘડેલ છે. તેના અનુસંધાનમાં અગીયાર ગામની જનરલ મીટીંગ યોજી છે જેમાં અગિયાર ગામ વણકર સમાજના તમામ પ્રકારના સામાજીક કાર્યોહવેથી ટ્રસ્ટના માધ્યમથી કરવાના રહેશે. છેલ્લે ગામ સોનાસણ મુકામે તા.૨૮/૦૧/૨૦૨૪ ના રોજ જનરલ સભામાં આખરી રુપ આપેલ છે. તેમાં મળેલ અગિયાર ગામ વણકર સમાજના તમામ જ્ઞાતિ બંધુઓને સ્વૈચ્છિક પણે વાંચી વિચારી સમજીને બંધારણને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૫) | ટ્રસ્ટના હેતુઓ | : | આ ટ્રસ્ટના હેતુઓ કોઇપણ જાતના નાત, જાત, ધર્મ રંગ પ્રદેશના ભેદભાવ વિના નીચે મુજબના રહેશે. |

(૧) સમાજના શૈક્ષણિક વિકાસમાં કેળવણી વિષયક સંસ્થાઓ જેવી કે જુનીયર કે.જી. સીનીયર કે.જી. ઘોડીયાઘર, બાલવાડી, આંગણવાડી, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા, આર્ટસ કોમર્સ, સાયન્સ, પી.ટી.સી., બી.બી.એ., બી.સી.એ., હોમ સાયન્સ, કોલેજ, પ્રોઢ શિક્ષણના વર્ગો, રાત્રી શિક્ષણના વર્ગો, ટેકનીકલ સ્કુલો, કુમાર કન્યા છાત્રાલય, આશ્રમ શાળાઓ, ઉતર બુનિયાદી આશ્રમશાળાઓ વગેરે સ્થાપવા ચલાવવા અને નિભાવવા તથા આવી પ્રવૃત્તિઓ કરતી અન્ય સંસ્થાઓની જરુરી મદદ લેવી અને મદદ કરવી.

(૨) સમાજના બધાજ બાળકો/વિધાર્થીઓને શિક્ષણનું મહત્વ સમજાવી તમામ બાળકો શિક્ષણ મેળવે તે અંગેનું ગ્રામ્ય વિસ્તારમાં પ્રોત્સાહન આપવા માટે ગ્રામ્ય કક્ષાએ વાલીઓને જાગૃત કરવા તેમજ કેળવણીના પ્રચાર અર્થે ફ્રી પાઠયપુસ્તકો આપવા અંગેની મદદ કરવી તથા શિષ્યવૃતિ રૂપે નાણાંકીય સહાયતા આપવી. તેમજ વિધાર્થીઓને ઇનામ આપવા, ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છતા જરૂરીયાત વાળા વિધાર્થીઓને આર્થિક મદદ કરવી. વિધાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પુસ્તકાલયો સ્થાપવા, ચલાવવા અને નિભાવવા તેમજ મેગેજીનો અને તેને લગતું સાહિત્ય પ્રકાશિત કરવુ અને કરાવવુ. તેમજ તેને લગતી આનુષાગિક પ્રવૃતિ કરવી.

નકલ માટે અરજી કરનારનું નામ : નટવરલાલ એમ શાહ

નકલ અરજી મળ્યાની તારીખ : ૨૮/૨/૨૪

નકલ તૈયાર કર્યા તારીખ : ૪/૩/૨૪

નકલ પુરી પાડયા તારીખ : ૧૧/૩/૨૪

જેને નકલ આપવામાં આવી હોય તેનું નામ ....નટવરલાલ એમ શાહ

(૩) સમાજના ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ પાસ થયેલ વિધાર્થીઓના વ્યકિતગત વિકાસ અર્થે ઉચ્ચ અભ્યાસ માટે પ્રવાહની પસંદગી માટે માર્ગદર્શન આપવુ તેમજ કોમ્પ્યુટર શિક્ષણના વર્ગો ચલાવવા અને વિધાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ આપવુ અને તાલીમ આપવી.

(૪) સમાજના વિધાર્થી/યુવાનો માટે સાયન્સ, મેડીકલ કોલેજ, આઇ.ટી.બી.સી.એ એમ.સી.એ., તેમજ તેના ટ્રેનિગ વર્ગો, આઇ.એ.એસ/આઇ.પી.એસ, જી.પી.એસ.સી, નેટસ્લેટના વર્ગો ચલાવવા તેમજ આવા હેતુઓવાળી સંસ્થાઓને મદદ કરવી તેમજ કેળવણીમાં વખતો વખત સરકારશ્રી તરફથી થતા ફેરફારો, અભ્યાસક્રમ પ્રમાણેની સંસ્થાઓ સ્થાપવી અને ચલાવવી.

(૫) સમાજના વિધાર્થી/યુવાનો માટે ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવા ઇચ્છતા વિધાર્થીઓને જરૂરી આર્થિક સહાય કરવી.

(૬) સમાજના તેમજ અન્ય લોકો માટે આરોગ્ય તબીબી સેવાઓ અને લોકોને સરકારની મફત સેવાઓ પુરી પાડવાની યોજનાઓનો લાભ લેવા મદદ કરવી, નિદાન કેમ્પો યોજવા, રકતદાનની પ્રવૃત્તિઓ હાથ ધરવી, રાહતદરે મેડીકલ ટ્રીટમેન્ટ તેમજ દવા મળી રહે તેવી વ્યવસ્થા કરવી તેમજ વ્યસન મુકિત માટેની શિબીરોનું આયોજન કરવુ.

(૭) જાહેર સ્વાસ્થયની જાળવણી માટે સમાજના લોકો માટે દવાખાનાઓ, હોસ્પિટલો, નર્સિંગ હોમ, આયુવેદિક કેન્દ્રો, કન્સલ્ટીંગ રૂમ, લેબોરેટરીઓ, હેલ્થ સેન્ટર વગેરે સ્થાપવા, ચલાવવા અને નિભાવવા કે આવી સેવાઓ માટે સહાય કરવી અને તેને પ્રોત્સાહન આપવુ કે તેવી હોસ્પિટલો કે રેફરલ હોસ્પિટલોનો વહીવટ કરવો કે ટેક ઓવર કરવુ તથા બ્લડ ડોનેશન કેમ્પ, આઇ ડોનેશન કેમ્પ કરવા તથા લોકોને એમ્બ્યુલન્સ વાનની સવલત ટ્રસ્ટની મર્યાદામાં રહીને પુરી પાડવી.

(૮) સમાજના તેમજ અન્ય લોકો માટે હોસ્પિટલમાં દાખલ થયેલ જરૂરિયાત મંદ ગરીબ દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તે માટે સારવાર અંગે જરુરી સહાય તથા દવા ખરીદી અંગેના ખર્ચની વ્યવસ્થા કરવા અંગેની કામગીરી કરવી.

(૯) સમાજના તેમજ અન્ય લોકો માટે મેડીકલ અને પેરા મેડીકલ કોલેજો સ્થાપવી અને ચલાવવી તથા નિભાવવા અંગેની કામગીરી કરવી.

(૧૦) સમાજના તેમજ અન્ય લોકો માટે ફીઝીયોથેરાપીના સેન્ટરો ચલાવવા, નિભાવવા તથા તેને લગતી આનુસાંગિક પ્રવૃત્તિઓ કરવી.

(૧૧) સમાજના તેમજ અન્ય લોકો માટે આગ, અકસ્માત કે અન્ય કારણોસર હોસ્પિટલમાં દાખલ થયેલ જરૂરિયાત મંદ ગરીબ દર્દીઓને વધુ યોગ્ય સારવાર મળી રહે તે માટે અન્ય સ્થળે જવા માટે એમ્બ્યુલન્સની સેવાઓ પુરી પાડવા અંગેની કામગીરી કરવી.

(૧૨) સમાજના હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દી/લોકોને જરૂર પડયેથી ટીફીન સેવા પુરી પાડવા અંગેની કામગીરી કરશે/કરાવશે.

(૧૩) ગ્રામ્ય કક્ષાએ રોજગારીની તકો ઉભી કરવા ભારત સરકાર અને રાજય સરકારની તમામ પ્રકારની મદદ લઇ ગ્રામીણ યુવાન યુવતીઓ, મહિલા વિકાસ માટે ગૃહ ઉધોગ, કુટરી ઉધોગ, લઘુ ઉધોગ, કૃષિ, ફાઇન, આર્ટસ, ભરત ગુંથણ, સીવણ, કોમ્પ્યુટર વિગેરેના તાલીમ વર્ગો શરુ કરવા તેમજ ટ્રસ્ટ ધ્વારા રોજગાર લક્ષી વિવિધ યુનિટો સ્થાપવા તેમજ નિભાવવા અંગેની કામગીરી કરવી.

(૧૪) સમાજમાં મહિલાઓનું જીવન ધોરણ સુધારવા પ્રયત્ન કરશે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તરફથી થતી પ્રવૃતિ કરશે. વિધવા, નિરાધાર મહિલાઓને સહાય કરવી.

(૧૫) સમાજના પ્રસરેલા સામાજીક-ધાર્મિક રીતિ-રિવાજો પ્રમાણે કુરિવાજો અને અંધશ્રધ્ધાઓ દુર કરવા માટેના પ્રયાસો કરવા તેમજ સમાજના વિકાસ અર્થે ભાઇચારાના પ્રચાર અર્થે સામાજીક મેળાવડા, સમૂહલગ્નો, સંમેલનો અને ધાર્મિક યજ્ઞો કરવા તેમજ સમાજવાડીઓ અને ધર્મશાળાઓનું નિર્માણ કરવુ તેને ચલાવવી અને નિભાવવી.

(૧૬) હસ્તકલાના ક્ષેત્રમાં વિવિધ હુન્નર ઉદ્યોગ જેવા કે કોમ્પ્યુટર, સીવણ વર્ગો, ભરત ગુંથણ, શોર્ટ હેન્ડ, હાથવણાટ, રંગાઇ, છપાઇ વગેરેની તાલીમ આપશે.

(૧૭) કુદરતી આપતિઓ જેવી કે, પૂર, ભૂકંપ, આગ, અકસ્માત, હિમ, અતિવૃષ્ટિ કે દુષ્કાળ રોગચાળો વિગેરે જેવી કુદરતી આપત્તિ સમયે અસરગ્રસ્તોને સમાજના અસરગ્રસ્ત તેમજ અન્ય સમાજના જરુરીયાતમંદોને શકય તમામ મદદ કરવા અંગેની પ્રવૃત્તિ કરવી અને કરાવવી.

(૬) સભ્યપદ :-

આજીવન સભ્ય - રૂ.૧૦૦૧/- કે તેથી વધુ ગમે તેટલી રકમ તેમજ અન્ય કોઇ જાતની મિલકત ટ્રસ્ટને ભેટ આપીને અગીયાર ગામ વણકર સમાજના મૂળ વતની પરંતુ ભારતમાં કોઇપણ જગ્યાએ રહેતા હોઇ તેઓ આ ટ્રસ્ટનીની પ્રવૃતિ માટે લાગણી ધરાવતા હશે તેવા આ ટ્રસ્ટના આજીવન સભ્ય બની શકશે. તેમજ આજીવન સભ્યોમાંથી કારોબારી સભ્ય તરીકે નિમણુંક થાય તો રુ.૧૧૦૦૦/- કે તેથી વધુ રકમનું દાન ટ્રસ્ટને આપવાનું રહેશે.

(૭) સભ્યપદનો અંત :- આજીવન સભ્યનું મરણ થવાથી, અસ્થિર મગજ થવાથી, નાદાર જાહેર થવાથી, ગુન્હા સબબ દંડ કે સજા થવાથી, ટ્રસ્ટના હિત વિરુધ્ધ પ્રવૃત્તિ કરવાથી, સામાન્ય સભા ઠરાવ હાજર સભ્યોની બહુમતીથી પસાર કરવાથી સભ્યપદનો અંત આવશે.

(૮) સામાન્ય સભા :-

(૧) અગિયાર ગામ વણકર સમાજના આજીવન સભ્યપદ મેળવનાર સભ્યોની બનેલી સભાને સામાન્ય સભા કહેવામાં આવશે.

(૨) સમાન્ય સભા હિસાબી વર્ષ પુરુ થયા બાદ ત્રણ માસમાં અને વર્ષમાં ઓછામાં ઓછી એક વખત બોલાવવાની રહેશે. પરંતુ જરુર પડયે ગમે તેટલીવાર સામાન્ય સભા બોલાવી શકશે.

(૩) સામાન્ય સભા જે તે વખતના પ્રમુખશ્રી બોલાવશે. અને પંદર દિવસની મુદતનો એજન્ડા કાઢી પોતે અથવા મંત્રીને સૂચના આપી સામાન્ય સભા બોલાવવા જણાવશે.

(૪) સામાન્ય સભાનું કોરમ સભાસદના નોંધાયેલ કુલ સભ્યનું ૨/૩ ભાગનું રહેશે. પરંતુ અનિવાર્ય સંજોગોમાં નોન કોરમ થાય તો સભામાં હાજર સભ્યો થી નિર્ણય કરવામાં આવશે જે ટ્રસ્ટ માન્ય રહેશે.

(૫) સામાન્ય સભા કારોબારી સમિતીના સભ્યોની ચુંટણી કરી નિયુકત કરશે અથવા સર્વસંમતીથી નિયુકત કરશે.

(૬) સામાન્ય સભા દર વર્ષે ટ્રસ્ટ અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓના હિસાબ તપાસી મંજુર કરશે.

(૭) નીતિ-વિષયક ઠરાવો પસાર કરી તેનો અમલ કરવા વ્યવસ્થાપક કમિટીને મોકલશે.

(૮) ટ્રસ્ટની આવક-જાવક હિસાબો ઉપર દેખરેખ રાખવી, ઓડીટ કરાવવા તથા સામાન્ય સભામાં રજુ કરવા.

(૯) ટ્રસ્ટના ઉદેશોના હિત વિરુધ્ધ પ્રવૃત્તિઓ કરનાર અથવા તો આ ટ્રસ્ટના બંધારણની જોગવાઇઓ વિરુધ્ધ પ્રવૃત્તિ કરનાર સભ્યના સભ્યપદનો અંત બંધારણી જોગવાઇ મુજબ લાવી શકશે.

(૯) કારોબારી સમિતી :-

(૧) આ ટ્રસ્ટમાં ઓછામાં ઓછા ૧૨ અને વધુમાં વધુ ૧૮ ટ્રસ્ટીઓ રહેશે. તેમની નિમણુંક નોંધાયેલા આજીવન સભ્યોની સામાન્ય સભા દ્વારા બહુમતીથી કરવામાં આવશે. તેની મુદત ત્રણ વર્ષની રહેશે. મુદત દરમ્યાન કોઇપણ કારોબારી સભ્ય રાજીનામું આપે મરણ થાય, ગાડપણની સ્થિતી નાદાર સાબિત થાય અથવા છ માસથી વધારે સમય વિદેશ ગમન કરે તો તેવા સંજોગોમાં ખાલી પડેલ કારોબારી સભ્યોની ખાલી જગ્યા પર નવીન કારોબારી સભ્યોની નિમણુંક ચાલુ ટ્રસ્ટીઓ બહુમતીથી નિમણુંક કરી શકશે.

(૧૦) કારોબારી સમિતીના કાર્યો :-

(૧) કારોબારી સમિતીની વર્ષમાં ઓછામાં ઓછી ચાર વખત મીટીગ બોલાવવામાં આવશે. વધુમાં ગમે તેટલીવાર બોલાવી શકાશે.

(૨) કારોબારી સમિતીની મીટીગ ૭ દિવસનો એજન્ડા આપી પ્રમુખ મીટીગ બોલાવશે અથવા આવી મીટીગ બોલાવવા મંત્રીને સૂચના આપશે.

(૩) કારોબારી સમિતીનું કોરમ પાંચ સભ્યોનું અથવા ૨/૩ સભ્યો બંને માંથી જે વધુ હોય તે પુરુ થયેલુ ગણાશે.

(૪) કારોબારી સમિતી નિમણુંકની તારીખથી ત્રણ વર્ષ માટે રહેશે. આમ છતા બીજી નિમણુંક ના થાય ત્યાં સુધી કાર્ય કરી શકાશે.

(૫) નવા સભ્યપદ માટેની આવેલ અરજીઓ ઉપર વિચાર કરશે અને મંજુરી અંગે નિર્ણય કરશે.

(૬) સાધારણ સભાએ પસાર કરેલા ઠરાવોનો અમલ કરશે.

(૭) ટ્રસ્ટના ઉદેશોના હિત વિરુધ્ધ પ્રવૃતી કરનાર અથવા તો આ ટ્રસ્ટના બંધારણની જોગવાઇઓ વિરુધ્ધ પ્રવૃતી કરનાર સભ્યના સભ્યપદનો અંત લાવવો હશે તો તે અંગે જરુરી કાર્યવાહી કરી સામાન્ય સભાને ભલામણ કરશે.

(૮) ટ્રસ્ટ કે ટ્રસ્ટ સંચાલિત એકમના કામકાજ માટે જરુરી કર્મચારીઓ, પ્રવર્તમાન કાયદાને આધિન નિમણુંક કરી શકશે. અને તેમને કેટલાક સમય માટે અથવા કાયમી ધોરણે છુટા પણ કરી શકશે. તેમનો પગાર, રજા, ઇજાફા વગેરે નકકી કરશે.

(૯) ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓની પ્રવૃત્તિઓના કાર્યો ઉપર ધ્યાન રાખશે.

(૧૦) ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓના હિસાબો ઓડીટ કરાવવા માટે ઓડીટરની નિમણુંક કરશે. અને તેનું મહેનતાણું નકકી કરશે.

(૧૧) પ્રમુખના કાર્યો :-

(૧) સામાન્ય સભા તથા ટ્રસ્ટી મંડળની સભા બોલાવવા મંત્રીશ્રીને આદેશ કરી શકશે.

(૨) ટ્રસ્ટી મંડળની સભા તથા સામાન્ય સભાનું સંચાલન કરશે.

(૩) સભાનું અણછાજતું વર્તન કરનાર સભ્યને સભા ત્યાગ કરવાની ફરજ પાડી શકશે.

(૪) પ્રમુખને કોઇપણ સભામાં મત આપવાનો અધિકાર ઉપરાંત જયારે કોઇ પણ પ્રશ્ન પરત્વે સરખા મત પડે ત્યારે પોતાનો વધારાનો નિર્ણાયક મત આપવાનો અધિકાર રહેશે.

(૫) સભામાં આવતા ઠરાવો સૂચનો કે અરજીઓ કાયદેસર કે વ્યવહારિક તપાસી તેના સભા સમક્ષ રજુ કરવા કે કેમ તેનો નિર્ણય કરશે.

(૬) સામાન્ય સભા કે ટ્રસ્ટી મંડળની સભામાં અસાધારણ સંજોગો ઉભા થાય તો તે પ્રસંગે સભાને મુલત્વી રાખી શકશે.

(૭) ટ્રસ્ટના વહીવટ ઉપર ધ્યાન આપશે.

(૮) અન્ય હોદ્દેદારોને યોગ્ય લાગે તેવા અધિકારો સોંપવામાં આવશે.

(૧૨) ઉપપ્રમુખના કાર્યો :-

(૧) પ્રમુખને તેમના કામમાં મદદ કરશે. તથા તેમની ગેરહાજરીમાં પ્રમુખ તરીકેની તમામ કામગીરી બજાવશે.

(૨) વ્યવસ્થાપક કમિટી જે કાર્યો સોંપે તે કરશે.

(૧૩) મંત્રીશ્રીના કાર્યો :-

(૧) સામાન્ય સભા અને વ્યવસ્થાપક કમીટીની સભા બોલાવશે.

(૨) દરેક સભાની કાર્યવાહીમાં મિનીટસ બુકમાં નોંધી અને ત્યારપછીની. બીજી સભામાં મંજુર કરાવી તેના ઉપર તે સભાના પ્રમુખશ્રીની સહી લેશે.

(૩) ટ્રસ્ટી વતી તમામ પ્રકારના પત્ર વ્યવહાર કરશે.

(૪) ટ્રસ્ટના કામે પ્રવાસ કરી શકશે.

(૧૪) સહમંત્રીના કાર્યો

(૧) મંત્રીશ્રીની ગેરહાજરી, માંદગી કે લાંબા સમય માટે ગુજરાત બહાર જવાના પ્રસંગે મંત્રીના કાર્યો અને ફરજ બજાવશે.

(૨) વ્યવસ્થાપક કમિટી જે કાર્યો સોંપે તે કરશે.

(૧૫) નાણાંમંત્રીશ્રીના કાર્યો :-

(૧) ટ્રસ્ટના હિસાબી ચોપડા પધ્ધતિસર અને નિયમિત રાખવા અને સાચવવા.

(૨) ટ્રસ્ટના નાણાંનો હિસાબ રાખશે.

(૩) ટ્રસ્ટને કોઇપણ ચીજ વસ્તુ અગર રોકડ રકમની ભેટ આવે તેની પાવતી આપશે. અને તેવી રકમ બેંકમાં જમા કરાવશે.

(૪) ટ્રસ્ટી મંડળની સભામાં ઠરાવ અનુસાર ખર્ચ કરવાનો રહેશે.

(૫) પ્રમુખને એકદંરે રૂ.૫૦૦/- સુધીનો આકસ્મિક સંજોગોમાં ખર્ચ કરવાની સત્તા રહેશે.

(૬) હિસાબમાં થતી વધઘટ ખજાનચીના શીરે રહેશે. જેનો આખરી નિર્ણય ટ્રસ્ટી મંડળના સભ્યો બહુમતીથી કરશે.

(૭) વર્ષના ચુકતે હિસાબ નિમાયેલ ઓડીટર પાસે તપાસી નવા વર્ષનું બજેટ તૈયાર કરશે. તપાસેલ હિસાબ અને બજેટ ટ્રસ્ટી મંડળના પ્રમુખ મારફત સામાન્ય સભામાં મંજુર થવા માટે મોકલી આપશે.

(૧૬) સંગઠનમંત્રીશ્રી / સહસંગઠનમંત્રીના કાર્યો :-

(૧) મંત્રીશ્રીના તમામ કાર્યોમાં ટ્રસ્ટના સંગઠન માટે સંગઠન મંત્રી અને સહ સંગઠન મંત્રી પરસ્પર સહકાર આપશે.

(૨) ટ્રસ્ટે નકકી કર્યા પ્રમાણે નાણાંકીય ફંડ એકઠું કરવા અથવા મીટીંગો બોલાવવા વિગેરેમાં મદદ કરશે.

(૧૭) ઓડીટર અને મદદનીશ ઓડીટરના કાર્યો

(૧) મંડળના રોજેરોજના આર્થિક વ્યવહારો ઉપર દેખરેખ રાખવી, તેમજ મંડળના રોજેરોજના હિસાબો ચેક કરવા અને તેના સાચા પણાની ખાત્રી કરી તેનો રિપોર્ટ કારોબારી કમિટીને આપવો.

(૨) વ્યવસ્થાપક કમિટી જે કાર્યો સોંપે તે કરશે.

(૧૮) ખાસ સાધારણ સભા :-

(૧) સામાન્ય સભાના નોંધાયેલ સભાસદ પૈકી ૨/૩ સભ્યો સામાન્ય સભા બોલાવવા અને તેમાં વિચારવા કે નિર્ણય કરવાના મુદા અંગે લેખિત માંગણી કરે ત્યારે આવા લેખિત માંગણી મળ્યાની તારીખથી ૩૦ દિવસમાં સામાન્ય

સભા બોલાવવાની રહેશે. જો પ્રમુખ ૩૦ દિવસમાં સામાન્ય સભા બોલાવે નહી તો લેખિત માંગણી કરનાર દરેક સભ્યોને એજન્ડા મોકલી જાહેર જગ્યાએ મીટીંગ બોલાવશે અને તે મીટીંગ પુરતા પ્રમુખ નિમવામાં આવશે. બહુમતીથી નિર્ણય કરશે. આવી મીટીંગમાં થયેલ ઠરાવ ટ્રસ્ટને બંધનકર્તા રહેશે.

(૨) કારોબારી સમિતીના સભ્યો પૈકી ૨/૩ સભ્યો વ્યવસ્થાપક કમિટીની સભા બોલાવવા અને તેમાં વિચારવા કે નિર્ણય કરવાના મુદા સાથે લેખિત માંગણી કરે ત્યારે આવી લેખિત માંગણી મળ્યાની તારીખથી દિન-૧૫ માં વ્યવસ્થાપક કમિટીની મીટીંગ બોલાવે નહિ તો મીટીંગમાં તે મીટીંગ પુરતા પ્રમુખ નિમવામાં આવશે. અને તેમીટીંગમાં પસાર થયેલા ઠરાવો કાયદેસર ટ્રસ્ટને બંધનકર્તા રહેશે.

(૧૯) પરિપત્ર ઠરાવ :-
ટ્રસ્ટની બાબતમાં ખૂબ જ અગત્યનો અને તાત્કાલીક નિર્ણય કરવો પડે તેવો મુદા અંગે પરિપત્ર કાઢી તે ઉપર કારોબારી સમિતીના સભ્યોની સહી લેવાની રહેશે. આવા પરિપત્રોના થયેલા ઠરાવ ત્યારબાદ ટ્રસ્ટની કારોબારી મીટીંગમાંથી બહુમતી સભ્યો સંમતિ આપે તો જ તેનો અમલ કરવાનો રહેશે.

(૨૦) ટ્રસ્ટનું ભંડોળ તથા આવકો :-
આજીવન સભાસદોની વસુલ આવેલ રકમ તેમજ આ ટ્રસ્ટ કે તે સંચાલિત સંસ્થાઓની જે તે પ્રકારની આવક આવશે તે આ ટ્રસ્ટનું ભંડોળ ગણાશે. દાન ભેટ, ચેરિટી શોની આવક સરકારશ્રીની સહાય ગ્રાન્ટ મેળવી ટ્રસ્ટ ભંડોળ ઉભુ કરી શકાશે.

(૨૧) બેંક એકાઉન્ટસ :-
ટ્રસ્ટના નામનું બેંક એકાઉન્ટસ રાષ્ટ્રીયકૃત બેંક અગર કાયદા માન્ય થયેલ સહકારી બેંકમાં ખોલાવવાનું રહેશે અને તે ખાતું પ્રમુખ, મંત્રીશ્રી અને નાણાંમંત્રીના સંયુકત સહીથી ખોલાવવાનું રહેશે. અને તે ખાતાનો વહીવટ કરવાની સત્તાએ ત્રણ પૈકી બે ની સહી ફરજીયાત રહેશે અને બેંકના લેવડ-દેવડના વ્યવહારો કરી શકાશે.

(૨૨) હિસાબી વર્ષ :- ટ્રસ્ટનું હિસાબી વર્ષ ૧ લી એપ્રિલ થી ૩૧ મી માર્ચ સુધીનું રહેશે.

(૨૩) લોન બાબત :-
ટ્રસ્ટની સ્થાવર મિલકત ગીરો, બક્ષિસ, વેચાણ બદલી વિગેરે કરવાની જરુર જણાય ત્યારે ઠરાવ કરીને મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એકટ-૧૯૫૦ ની જોગવાઇ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૨૪) કર્મચારીની નિમણુંક બાબત :-
ટ્રસ્ટી મંડળ ટ્રસ્ટમાં જરુર જણાતાં ઠરાવ કરી પગારદાર કર્મચારીઓની નિમણુંક કરી શકાશે. અને તેઓના વેતન, ભથ્થા નકકી કરી શકશે તેમજ જરરુ જણાતા વધારાના કર્મચારીઓને રજા ઉપર ઉતારી શકશે. અથવા કેટલાક સમય માટે તેમજ કાયમી ધોરણે છુટા પણ કરી શકશે.

(૨૫) સંસ્થાના નાણાંના રોકાણ બાબત :-
ટ્રસ્ટના નાણાંનું રોકાણ મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એકટ-૧૯૫૦ ની કલમ-૩૫ને આધિન રહી કરવામાં આવશે.

(૨૬) સંસ્થાની મિલકત સંપ્રાપ્ત થવા બાબત :-
ટ્રસ્ટને જે કોઇ દાનમાં સ્થાવર મિલકત આવે અથવા સંસ્થાની દાનની જે મિલકત ભેગી થાય તે તમામ મિલકત સંસ્થાની ગણાશે. તમામ મિલકતોની વ્યવસ્થા અને

વહીવટ વ્યવસ્થાપક કમિટી કરશે. દરેક પ્રકારની મિલકતો ટ્રસ્ટના નામ ઉપર રજીસ્ટર કરવાની રહેશે. ખરીદી અથવા વેચનાર તરીકે જે તે સમયના પ્રમુખ કરારોમાં સહીઓ કરશે.

(૨૭) કાયદાના સલાહકાર :-
ટ્રસ્ટના રોજ રોજના વહીવટમાં ઉભા થતાં કાયદાઓના પ્રશ્ન અંગે કાયદાના સલાહકારની નિમણુંક કરી શકશે અને તેનું મહેનતાણું ફી ચુકવણી કરી શકશે.

(૨૮) ટ્રસ્ટની સ્થવાર અને જંગમ મિલકતની બાબત :-
ટ્રસ્ટની માલિકીની તમામ જણસો ફર્નિચર તથા જંગમ મિલકતોની વિગતવાર પુરેપુરી યાદી ટ્રસ્ટી મંડળની બનાવવાની રહેશે. સદર યાદીમાં ઉમેરવામાં આવતી એક એક વિગત ઉપર ટ્રસ્ટી મંડળની અથવા તેમણે તે બાબતમાં સત્તા આપેલ વ્યકિતએ પોતાની સહી કરવાની રહેશે. યાદી પ્રમાણેની વસ્તુઓ વરસમાં ઓછામાં ઓછી એકવાર મેળવી જોવી તમામ ટ્રસ્ટી મંડળની આ પ્રમાણે કર્યા બાબતની પોતાની સહી કરવી.

(૨૯) ટ્રસ્ટની સ્થાવર કે જંગમ મિલકત ખરીદવા કે વેચાણ કરવાનો ટ્રસ્ટને કાયદાને આધિન અધિકાર રહેશે.

(૩૦) ટ્રસ્ટના વિસર્જન અંગે :-
સંજોગોવસાત ટ્રસ્ટની પ્રવૃત્તિઓ બંધ પડે કે વિખરે કે સમેટી લેવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે ટ્રસ્ટ કે તે સંચાલિત સંસ્થાના તમામ હિસાબો તૈયાર કરી ઓડીટ કરાવી આ ટ્રસ્ટના જેવા જ ઉદેશો ધરાવતા અને ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ હેઠળ કે જે તે સમયે પ્રવર્તમાન કાયદા હેઠળ નોંધાયેલ ટ્રસ્ટને શરતી કે બિનશરતી ચેરિટી કમીશ્નરશ્રીની પરવાનગીથી સમર્પિત કરવાના રહેશે.

(૩૧) ટ્રસ્ટના બંધારણની કોઇ કલમ કે પેટા કલમમાં ફેરફાર, સુધારો-વધારો કે ઘટાડો કરવાનો થાય ત્યારે અગીયાર ગામ વણકર સમાજના નોંધાયેલા આજીવન સભ્યોની સામાન્ય સભા તેની ૨/૩ બહુમતીથી અથવા તો હાજર સભ્યોની સંમતિથી ફેરફાર કરી શકશે. પરંતુ આ સુધારો-વધારો કે ફેરફાર પ્રર્વતમાન કાયદાને આધિન કરવાને રહેશે.

ઉપરોકત બંધારણ તા.૨૮/૦૧/૨૦૨૪ ના રોજ સમાજ અને ટ્રસ્ટની સામાન્ય સભામાં સર્વાનુમતે ઠરાવ કરી પસાર કરવામાં આવેલ છે.

| અ.નં. | નામ | સહી |
|---|---|---|
| ૧ | ડૉ.નટવરલાલ મણિલાલ શાહ | [signature] |
| ૨ | પિયુષકુમાર માધાભાઇ રાઠોડ | [signature] |
| ૩ | બાબુભાઇ સોમાભાઇ પરમાર | [signature] |
| ૪ | કાંતિભાઇ સોમાભાઇ વણકર | [signature] |
| ૫ | કાંતિભાઇ પુંજાભાઇ પરમાર | [signature] |

| | | |
|---|---|---|
| ૬ | રમેશભાઇ મોહનભાઇ વાણીયા | |
| ૭ | પ્રભુદાસ માનાભાઇ પરમાર | |
| ૮ | ડાહયાભાઇ વેચાતભાઇ પરમાર | |
| ૯ | રમેશચંદ્ર સોમાભાઇ વાણીયા | |
| ૧૦ | મહેશભાઇ રત્નાભાઇ પરમાર | |
| ૧૧ | બાબુભાઇ શનાભાઇ પરમાર | |
| ૧૨ | નરેન્દ્રકુમાર ગણપતભાઇ રાઠોડ | |
| ૧૩ | દેવજીભાઇ કાનાભાઇ વણકર | |
| ૧૪ | નટવરભાઇ કેશાભાઇ સુતરીયા | |
| ૧૫ | હરેશભાઇ પશાભાઇ વણકર | |
| ૧૬ | અરખાભાઇ કાનાભાઇ વણકર | |
| ૧૭ | કમલાબેન કાંતિભાઇ પરમાર | |

ઉપરોકત તમામ સહીઓ મારી રૂબરૂમાં કરેલ છે.

પ્રમુખ

નકલ ફી :- ૧૯/-
મુકાબલ ફી :- –
કાગળ ફી :- ૮/-
કુલ :- ૨૭/-

આથી દાખલો આપવામાં આવે છે કે
આ ખરી નકલ છે.
અધિકારી
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
સાબરકાંઠા પ્રદેશ, હિંમતનગર

નકલ કરનાર :- ડી.ડી. ૨૦/૫
મુકાબલ કરનાર :- –
શબ્દો :- ૩૨૦૭

(૧) ટ્રસ્ટનું નામ — શ્રી અગિયાર ગામ વણકર સમાજ સેવા ટ્રસ્ટ પ્રાંતિજ જી.સાબરકાંઠા

(૨) ટ્રસ્ટનું સરનામું — ડૉ.નટવરલાલ મણિલાલ શાહ ઠે.૨૯, રાજવાટિકા સોસાયટી, શ્યામ આર્કેડ પાછળ, શામળાજી રોડ, મોતીપુરા, હિમતનગર જી.સાબરકાંઠા

સાબરકાંઠા પ્રદેશ, હિંમતનગર

આઉટ નં. ........./......
ઇન્ક. નં...../.......
તારીખ.................
અધિક્ષક

## પત્રક-અ
## નામ સરનામાની યાદી

| ક્રમ | નામ | સરનામું |
|---|---|---|
| ૧ | ડૉ.નટવરલાલ મણિલાલ શાહ<br>મો.નં.૯૬૮૭૬૭૯૪૯૩ | ૨૯, રાજવાટિકા સોસાયટી, શ્યામ આર્કેડ પાછળ, શામળાજી રોડ, મોતીપુરા, હિમતનગર જી.સાબરકાંઠા |
| ૨ | પિયુષકુમાર માધાભાઇ રાઠોડ<br>મો.નં ૯૭૯૯૨૩૭૦૯૮ | સંસ્કાર સોસાયટી, નવા માર્કેટયાડ પાછળ, મોતીપુરા, હિમતનગર જી.સાબરકાંઠા |
| ૩ | બાબુભાઇ સોમાભાઇ પરમાર<br>મો.નં.૯૪૨૮૧૯૯૯૩૬ | ૪, સાબરકુંજ સોસાયટી, મોર્ડન હાઇસ્કુલ પાછળ, મોતીપુરા, હિમતનગર જી.સાબરકાંઠા |
| ૪ | કાંતિભાઇ સોમાભાઇ વણકર<br>મો.નં.૯૯૭૯૯૨૮૯૧૭ | મુ.પો.ફતેપુર તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા |
| ૫ | કાંતિભાઇ પુંજાભાઇ પરમાર<br>મો.નં.૯૯૯૮૨૯૭૧૨૧ | ૫૭, સંસ્કાર સોસાયટી, નવા માર્કેટયાર્ડ પાછળ, મોતીપુરા હિમતનગર જી.સાબરકાંઠા |
| ૬ | રમેશભાઇ મોહનભાઇ વાણીયા<br>મો.ન. ૯૫૭૮૨૬૯૩૩૦ | મુ.પો.વાઘપુર તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા |
| ૭ | પ્રભુદાસ માનાભાઇ પરમાર<br>મો.ન. ૯૯૨૫૦૯૪૨૪૬ | ૫૮, ધરણીધર એવન્યુ, સર્જન બગ્લોઝ સામે, નવા નરોડા, અમદાવાદ. |
| ૮ | ડાહયાભાઇ વેચાતભાઇ પરમાર<br>મો.ન. ૯૪૨૮૧૩૫૫૫૪ | શિલાલેખ સોસાયટી, ૨૦૭, જવાનપુરા મુ.પો.તા.ઇડર જી.સાબરકાંઠા |
| ૯ | રમેશચંદ્ર સોમાભાઇ વાણીયા<br>મો.ન. ૯૯૦૪૭૯૪૭૧૪ | એ-૬, જય રઘુવીર સોસાયટી, જી.ડી.સ્કુલ રોડ, સૈજપુર-બોઘા, નરોડા, અમદાવાદ. |
| ૧૦ | મહેશભાઇ રત્નાભાઇ પરમાર<br>મો.ન. ૮૯૮૦૩૧૯૩૬૨ | મુ.પો.અમીનપુર તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા |
| ૧૧ | બાબુભાઇ શનાભાઇ પરમાર<br>મો.ન. ૮૧૬૦૮૧૮૨૪૨ | મુ.પો.તાજપુર (કુઇ) તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા |
| ૧૨ | નરેન્દ્રકુમાર ગણપતભાઇ રાઠોડ<br>મો.ન. ૯૪૨૭૦૦૫૭૨૭ | એ-૪૦૨, રાઘવ રેસિડેન્સી, નરોડા દહેગામ રોડ, જી.ઇ.બી સામે, અમદાવાદ |
| ૧૩ | દેવજીભાઇ કાનાભાઇ વણકર<br>મો.ન. ૯૧૪૧૮૯૮૪૬૮ | મુ.પો.ફતેપુર તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા |
| ૧૪ | નટવરભાઇ કેશાભાઇ સુતરીયા<br>મો.ન. ૯૧૪૧૯૭૪૪૯૯ | મુ.પો.ઓરાણ તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા |

...લ માટે અરજી કરનારનું નામ : નટવરલાલ એમ શાહ

...લ અરજી મળ્યાની તારીખ : ૨૮/૨/૨૪

...લ તૈયાર કર્યા તારીખ : ૪/૩/૨૪

...લ પુરી પાડયા તારીખ : ૧૫/૩/૨૪

...ને નકલ આપવામાં આવી હોય ...નું નામ : નટવરલાલ એમ શાહ

| | | |
|---|---|---|
| ૧૫ | હરેશભાઇ પશાભાઇ વણકર<br>મો.નં. ૯૭૨૩૮૨૦૭૦૫ | ૨૩૩, રામદેવનગર, મુ.પો.આકોદરા<br>તા.હિંમતનગર જી.સાબરકાંઠા |
| ૧૬ | અરખાભાઇ કાનાભાઇ વણકર<br>મો.નં. ૯૯૨૪૩૪૯૫૨૪ | એ/૧૨૭, હરિધામ સોસાયટી,<br>બાપાસીતારામ ચોક નવા નરોડા,<br>અમદાવાદ |
| ૧૭ | કમલાબેન કાંતિભાઇ પરમાર<br>મો.નં. ૯૫૨૭૫૩૧૧૦૨ | ૧, શિવમ બંગ્લોઝ, પ્રાથમિક શાળાની<br>પાસે, મોતીપુરા, હિંમતનગર |

મદદનીશ ચેરિટી કમિશનરશ્રી, સાબરકાંઠા પ્રદેશ, હિંમતનગર.

સહી

નકલ કરનાર :- ૬.૬ ૨૦૧૫
મુકાબલ કરનાર :- –
શબ્દો :- [illegible]

આથી દાખલો આપવામાં આવે છે કે
આ પ્રમાણિત નકલ છે.

અધિક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
સાબરકાંઠા પ્રદેશ, હિંમતનગર

નકલ ફી :- ૪/-
મુકાબલ ફી :- –
કાગળ ફી :- ૨/-
કુલ :- ૬/-